






# વૈશાખ મહિનામાં વિષ્ણુ-લક્ષ્મીની પૂજા હવન કરાવવાથી જીવન સુખમય બની જાય છે

કાળચક્ર

યજ્ઞાનંદ

આ મહિનામાં ભગવાન વિષ્ણુની અને કૃષ્ણની પૂજા કરવી ખૂબ જ ઉત્તમ માનવામાં આવે છેસનાતન ધર્મમાં વૈશાખ બહુ જ પવિત્ર મહિનો માનવામાં આવે છે. આ મહિનો ભગવાન વિષ્ણુને સમર્પિત છે.આ મહિનાને પુણ્ય કમાવાનો મહિનો કહેવાય છે. શાસ્ત્રમાં તેને મધુસૂદન મહિનો' પણ કહેવાય છે. વૈશાખ મહિનામાં સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે છે, જે નવી ઊર્જાનું અને સકારાત્મકતાનું પ્રતીક છે.આ મહિનામાં કોઈ પણ પવિત્ર નદીમાં સ્નાન, દાન અને પૂજા-પાઠનું ફળ કેટલાંયે ઘણું વધી જાય છે.આ માસમાં ભગવાન વિષ્ણુ અને શ્રીકૃષ્ણની પૂજા કરવી બહુ જ ઉત્તમ માનવામાં આવે છે. આવો, આ મહિનાનું મહત્ત્વ અને ભગવાનની કૃપા મેળવવાનો કેટલોક સરળ ઉપાય જાણીએ. વૈશાખ મહિનો શરૂ થઇ ગયો છે.

**વૈશાખ મહિનામાં ચમત્કારિક ઉપાય**

વૈશાખ મહિનામાં કોઇ પવિત્ર નદીમાં જરૂર સ્નાન કરવું. આ મહિનામાં ઘરમાં નહાવાના પાણીમાં ગંગાજળ મેળવીને સ્નાન અવશ્ય કરવું. આમ કરવાથી બધાં જ પાપ નષ્ટ થઇ જાય છે અને મન શુદ્ધ થઇ જાય છે. ભગવાન વિષ્ણુની પૂજા, નામ જાપ વગેરે જરૂર કરવાં. તેનાથી આત્મિક શાંતિ મળે છે. વૈશાખ મહિનામાં ગરમી ઘણી વધારે હોય છે. આ સમયે મનુષ્ય અને પશુઓને પાણી આવશ્ય પીવડાવવું. વૃક્ષોને પણ પાણી આપો. તેનાથી સુખ-સમૃદ્ધિ અને સારું આરોગ્ય મળે છે. વૈશાખ મહિનામાં અક્ષય તૃતીયા (અખા ત્રીજ)માં સોનું, ચાંદી, અનાજ કે માટીનાં વાસણનું દાન કરવું. ગરીબોને ખાવાનું ખવડાવવું. કપડાં, છત્રી કે ચંપલ-જૂતાનું દાન જરૂર કરવું. તેનાથી ધન-ધાન્યમાં વૃદ્ધિ થાય છે. વૈશાખ મહિનામાં ભગવાન વિષ્ણુ કે કૃષ્ણ મંદિર અવશ્ય જવું.ઘી અથવા તેલનો દીવો જરૂર પ્રગટાવવો. આમ કરવાથી તમારાં બધાં જ સંકટ દૂર થઈ જશે.

આ મહિનામાં ધાર્મિક ગ્રંથ જેમ કે શ્રીમદ ભગવદ ગીતા, વિષ્ણુ, પુરાણ, રામચરિતમાનસ વગેરે જરૂરથી વાંચવાં. વૈશાખ માસમાં રોજ સવારે તુલસીની પૂજા કરી પાણી ચઢાવવું. પરિક્રમા કરવી. આમ કરવાથી ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મી બંનેની કૃપા મળે છે. વૈશાખ મહિનામાં ગંગાસ્નાન અથવા તીર્થસ્થળની યાત્રા કરવી શુભ માનવામાં આવે છે. તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.વૈશાખ મહિનામાં શું કરવું, શું ના કરવું જોઈએ?

વૈશાખ મહિનામાં દિવસે સોનામાં, કાંસાના પાત્રમાં ભોજન ન કરવું, મીટ-માંસ, શરાબ વગેરે સેવન કરવાની મનાઈ છે. વૈશાખ મહિનામાં પવિત્ર ગંગા નદીમાં ડૂબકી મારવી તેમ જ પૂર્વજોની પૂજા કરવી અને દાન-પુણ્ય કરવા સુધી લોકો આ દિવસે વધુ ને વધુ ઊજવવા કેટલાંય પ્રકારનાં અનુષ્ઠાન કરે છે.

વૈશાખ માસ, જેને 'દાન-માસ' પણ કહેવાય છે. હિંદુ ધર્મમાં અત્યંત પુણ્યદાયક માનવામાં આવે છે. સૂર્યનો મેષ રાશિમાં પ્રવેશથી ખરમાસ સમાપ્ત થાય છે, જેનાથી લગ્ન અને અન્ય માંગલિક કાર્યો માટે શુભ મુહૂર્તોની શરૂઆત થાય છે. જો કોઇ વ્યક્તિની કુંડળીમાં ગુરુ ગ્રહ અશુભ સ્થિતિમાં હોય, તો તે લગ્નનો અનુકૂળ સમય હોવા છતાં પણ જીવનસાથીની પ્રાપ્તિ અથવા લગ્નસુખમાં અડચણોનો અનુભવ કરે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આવાં લોકોએ ગુરુ ગ્રહની વૈશાખ મહિનામાં પૂજા-હવન ખાસ કરાવવો જોઈએ.

**વૈશાખ મહિનામાં વિષ્ણુ-લક્ષ્મીની પૂજા-હવન કરાવવાનું મહત્ત્વ**

વૈશાખ મહિનામાં વિષ્ણુ ભગવાનની આરાધના, મંત્રોના જાપ કરવામાં આવે તો બગડેલાં કામ બધાં જ થઇ જાય છે અને કેટલીક ચમત્કારિક લાભની પ્રાપ્તિ થાય છે. વૈશાખ માસમાં કેટલાક વિશેષ દિવસ હોય છે. જે દિવસે ઘરે વિષ્ણુ ભગવાનની પૂજા, પુરુષસૂક્ત, વિષ્ણુ સહસ્ર, શ્રી હરિના મહામંત્રનો જાપ વિધિ અનુસાર કરવાથી રોકાયેલાં /અટકેલાં બધાં કાર્ય કોઇ પણ નડતર વગર પૂરાં થઇ જાય છે. ધાર્મિક ગ્રંથો અનુસાર આખું વર્ષ વિષ્ણુ ભગવાનની પૂજા-અર્ચના કરવાથી જીવન સુખમય બની જાય છે. 'વૈશાખ મહિનો' ભગવાન વિષ્ણુને ઘણો જ (ખૂબ જ ) પ્રિય મહિનો બતાવ્યો છે.આ માસમાં વિષ્ણુ ભગવાનની આરાધના, પૂજા પાઠ, વ્રત વગેરે કરવાથી જીવનમાં આવેલી બધી સમસ્યાઓ, દુઃખ ખતમ થઇ જાય છે.

બીજી તરફ ધનની દેવી મા લક્ષ્મી અપાર ધનના આશીર્વાદ આપે છે. ધાર્મિક ગ્રંથો અનુસાર જો આ વિશેષ દિવસોમાં વિષ્ણુ ભગવાનની આરાધના, મંત્રોનો જાપ કરવામાં આવે તો બગડેલાં કામ પણ બધાં જ થવા લાગે છે અને ચમત્કારિક લાભની પ્રાપ્તિ થાય છે. મહામંત્રના જાપ વૈશાખ અમાસથી પૂનમ સુધી કરવા જોઈએ.

મંત્રઃ 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો જાપ ચમત્કારિક લાભ આપે છે પરંતુ આખો વૈશાખ માસ આ જપ રોજ એક, ત્રણ કે પાંચ માળા કરવી જોઈએ. આમ કરવાથી તમારાં બધાં કાર્યો ફટાફટ થવા લાગશે. બીજો મંત્ર છેઃ 'ૐ માધવાય નમઃ.'




# અખા ત્રીજ-વૈશાખ મહિનામાં લક્ષ્મીકૃપા મેળવવા 'દિવ્ય મહાલક્ષ્મી પોટલી' સ્થાપિત કરો

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

**લોટરી લીધા વગર લોટરી લાગે નહીં.**

શાસ્ત્રોમાં લક્ષ્મીને 'ચપલા' કહેવાયું છે એટલે કે ધનની દેવી લક્ષ્મીજી કોઈ જગ્યાએ ટકતી નથી. પૌરાણિક અને તંત્રશાસ્ત્રોમાં ધનની દેવીને 'સ્થિર રાખવા માટે' અનેક પ્રયત્નો અને અનુષ્ઠાન બતાવ્યાં છે. પરંતુ આ અનુષ્ઠાન અને પ્રયાસ ઘણા મુશ્કેલ અને ખર્ચાળ હોય છે, જેને આજના વ્યસ્ત સમયમાં સામાન્ય વ્યક્તિ માટે કરવું લગભગ અસંભવ જેવું હોય છે. પરંતુ પૌરાણિક અને તંત્રશાસ્ત્રોમાં ધનની દેવીને પોતાનાં ઘર અને ધંધાના સ્થળે 'સ્થિર રાખવા માટે' કેટલાક સરળ ઉપાય અને સામગ્રી પણ બતાવ્યાં છે.

તમને જણાવીએ કે, આ દુર્લભ સામગ્રીને આપણે કેવી રીતે કિસ્મતની પોટલી બનાવીને ધનની દેવી લક્ષ્મીજીને પોતાનાં ઘર અને ધંધાના સ્થળે બાંધીને સ્થિર કરી શકીએ છીએ? આ કિસ્મતની પોટલીમાં ચમત્કારિક વસ્તુઓને એક સાથે ભેગી કરીને નિર્મિત કરવામાં આવે છે, જે મહાલક્ષ્મીજીને વધારે પ્રિય છે.

ભારતીય ધર્મશાસ્ત્રોમાં/ધર્મગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે, જો દેવી મહાલક્ષ્મીજીનું પૂજન આ સામગ્રીઓ સાથે તથા તેનો ઉપયોગ કરીને શાસ્ત્ર-સંમત વિધિથી કરવામાં આવે તો બધી અભીષ્ટ અભિલાષાઓ પૂરી થાય છે.

**મહાલક્ષ્મીની પોટલી કેવી રીતે બને?**

આ પોટલીને અખા ત્રીજ, ગુરુ પુષ્ય નક્ષત્ર, રવિ પુષ્ય નક્ષત્ર, દિવાળી વગેરે શુભ અને લક્ષ્મીદાયક દિવસમાં જ બનાવાય છે. શ્રી ગણેશ અને શ્રી મહાલક્ષ્મીજીનાં આહ્વાન કર્યા બાદ ષોડશોપચાર પૂજન કરવું. ત્યાર બાદ એક લાલ કપડાને લેવાનું છે અથવા કોઈ પોટલી બજારમાંથી પહેલેથી ખરીદી લેવી. લક્ષ્મીજીને વિશેષ પ્રિય છેઃ રેશમી લાલ વસ્ત્ર. જેમાં બધી જ સામગ્રી બાંધીને આ અદ્ભુત પોટલી બનાવવામાં આવે છે. પોટલીની સામે એક નાગરવેલ પાનનું પાંદડું રાખવું. પહેલાં પાંદડાં પર ત્રણ વાર ગંગા જળ છાંટવું. પછી થોડુંક લાલ ચંદન અર્પણ કરવું. ત્યાર બાદ સૌથી પહેલાં એક ચાંદીનો સિક્કો લેવો અને તેને નાડાછડીથી બાંધી લેવો. પછી ક્રમશઃ 2 સોપારી, 2 પીળી હળદરની ગાંઠ, 2 કાળી હળદર, 11 ગોમતી ચક્ર, 7 પીળી કોડી, ૫ સફેદ કોડી, 5 નાગકેશર, 5 કમળગટ્ટા, 5 કાળી કોડી તથા 21 અક્ષતના દાણા (અક્ષત- ચોખા. પરંતુ તે ખંડિત કે તૂટેલા ના હોવા જોઈએ) ને એકી સાથે રાખી દો. પછી કમળગટ્ટાની માળા વડે 1 માળા નીચેના મંત્રની જપવી. મંત્રઃ ૐ શ્રી મહાલક્ષ્મ્યૈ ચ વિદ્મહે વિષ્ણુ પત્ન્યૈ ચ ધીમહિ તન્નો લક્ષ્મી પ્રચોદયાત્ ૐ.

મંત્રજાપ પછી આ પોટલીને બાંધી દો તથા મસ્તક-કપાળ પર લગાડીને માતા લક્ષ્મીજીનાં ચરણોમાં અર્પણ કરી દો. આ પોટલીને શુભ મુહૂર્તમાં ઘરનાં પૂજાસ્થાન અથવા ઉત્તર-પૂર્વ દિશા અથવા લક્ષ્મીજીની દિશા ઉત્તર-પશ્ચિમમાં રાખવું અતિ શુભ ફળદાયક હોય છે. તેને ઘરમાં વિશેષ મુહૂર્તમાં સ્થાપવાથી અખૂટ લક્ષ્મીનો વાસ થાય છે. વાસ્તુદોષોમાંથી મુક્તિ મળે છે તથા ધનની દેવી હંમેશ સ્થિર રહે છે.

અક્ષય તૃતીયા, શરદ પૂનમ, દિવાળી અથવા કારતક પૂનમે ઘરમાં અથવા ધંધાના સ્થળે આ પોટલીને રાખવાથી ચિરકાલ-લાંબા સમય સુધી ધનની પ્રાપ્તિ થાય છે. દુર્ભાગ્ય દૂર થાય છે તથા ઘરમાં ધન, અન્ન, સ્વર્ણ-સોનું અને આભૂષણોમાં વધારો થાય છે. પછી તેને આરતી અને હવન વગેરે કર્યા બાદ તમારી તિજોરીમાં કે ગલ્લામાં જ્યાં પણ રાખવા ઈચ્છો ત્યાં રાખી દો. થોડાક દિવસોમાં તમે લક્ષ્મીજીની સ્થિરતાનો અનુભવ કરવા લાગશો, તેમાં કોઈ સંદેહ કે શંકા નથી!

**પીળી કોડી**

આ કિસ્મતની પોટલીમાં પહેલું સ્થાન છે. કુદરતી પીળી કોડીને લક્ષ્મી કોડી અથવા કુબેર કોડી પણ કહેવાય છે.

**કાળી કોડી**

કોડી જે જૂના જમાનાનાં લોકો તેનો ધન સ્વરૂપમાં ઉપયોગ કરતાં હતાં તે કાળી કોડી મા લક્ષ્મીજીનું સ્વરૂપ જ છે. તે અતિ દુર્લભ છે.

**ગોમતી ચક્ર**

ગોમતી ચક્ર ઓછી કિંમતવાળો એક એવો પથ્થર છે જે ગોમતી નદીમાંથી મળે છે. વિભિન્ન કાર્યોમાં તથા અસાધ્ય રોગોમાં તેનો ઉપયોગ થાય છે. તેને વિષ્ણુ ચક્ર પણ કહેવાય છે. તેનો લક્ષ્મી માતાની સ્થિરતા માટે ઉપયોગ કરવામાં આવે છે. આ માતાજીને અત્યંત પ્રિય છે.

**કાળી-હરિદ્રા-હળદર**

પોટલીમાં તેનું વિશેષ મહત્ત્વ છે. રવિ-પુષ્ય કે ગુરુ પુષ્યના શુભ સંયોગમાં કાળી હળદરને પ્રાપ્ત કરી તેની ષોડશોપચાર પૂજા કર્યા બાદ તેને વિધિવત્ સિદ્ધ કરી લાલ રેશમી વસ્ત્રમાં ચાંદી કે સ્વર્ણ (સોનાની) મુદ્રા સાથે વીંટીને પોતાની તિજોરીમાં રાખવાથી અપાર ધનવૃદ્ધિ થાય છે.

**લક્ષ્મી માતાજીને પ્રિય અન્ય શુભ સામગ્રીઓ**

પીળી હળદર, સોપારી, કમળગટ્ટા, નાગ-કેશર, ચાંદીનો સિક્કો, સફેદ કોડી, પીળા અક્ષત/હળદરથી રંગેલા પીળા આખા ચોખા), પાનનું પાંદડું.

માતા લક્ષ્મીજીને ખુશ કરવા માટે દરેક પ્રકારનું જતન કરીએ છીએ પરંતુ તેમાંથી એક છેઃ ધન-લક્ષ્મી પોટલી. કહેવાય છે કે, આ પોટલીને પોતાના લોકરમાં રાખવાથી ધનની વર્ષા આખું વર્ષ થાય છે.

કહેવાય છે કે, આ પોટલી લક્ષ્મી માને બહુ જ પ્રિય છે. જે પણ તેને પોતાની તિજોરીમાં રાખે છે તેના ઉપર મા લક્ષ્મીની વિશેષ કૃપા વરસે છે. ધનલક્ષ્મી પોટલીને તિજોરીમાં રાખતાં પહેલાં તેની બરાબર સારી રીતે સફાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ તિજોરીમાં દીવો-ધૂપ દેખાડીને તેને શુદ્ધ કરવામાં આવે છે. બાદમાં આ પોટલીને અંદર રાખવામાં આવે છે.

માતા લક્ષ્મીજીને ખુશ કરવા માટે એક ખાસ ચીજ હોય છે, જેને ધનલક્ષ્મી પોટલી કહેવાય છે. ધનપોટલી રાખવાથી વર્ષભર તમારા ઉપર મા લક્ષ્મીની કૃપા વરસે છે. તે ફક્ત ધનમાં જ વધારો કરે છે એટલું જ નહીં, પરંતુ તમારા જીવનમાં સુખ અને સમૃદ્ધિ પણ લાવે છે. તમારું જીવન ખુશીવાળું બનાવી શકો છો. વિભિન્ન જ્યોતિષાચાર્યોની જાણકારી અનુસાર આવકને વધારવા, ધનની સ્થિરતા, નફો વધારવા તેમ જ લાભ માટે ઘર, ઓફિસ, દુકાન અથવા ફેક્ટરી/કારખાનાની તિજોરી અથવા ગલ્લામાં અવશ્ય રાખવી.

**દિવ્ય લક્ષ્મી પોટલીના લાભ**

- વાસ્તુનિવારણઃ દિવ્ય લક્ષ્મી પોટલી ઘર કે વેપાર સ્થળના વાસ્તુ દોષોને પ્રભાવહીન કરી, ભારે ધરખમ ખરચાને બચાવવામાં મદદરૂપ થાય છે.
- વ્યાપારમાં વૃદ્ધિઃ દિવ્ય લક્ષ્મી પોટલીને રાખવાથી વ્યાપારિક અવસરો તેમ જ સકલ ધનમાં વધારો થાય છે.
- ધનવૃદ્ધિઃ આર્થિક સંકટમાં પરિવર્તન થવાથી ઋણ (દેવાં/કરજ)માંથી મુક્તિનો માર્ગ મળે છે. જો કે, નકારાત્મક ઊર્જાઓને દૂર કરીને સકારાત્મક ઊર્જાઓ વધારવામાં મદદરૂપ થાય છે. જેના અગણિત લાભ માનવામાં આવે છે.
- ગૃહ શાંતિઃ સકારાત્મક ઊર્જાઓનો પ્રવાહ ગૃહકલેશ, અંદરોઅંદર, મન-ભેદ, મતભેદ તેમજ ખોટા તણાવને દૂર કરે છે. આ સિવાય ઉચ્ચ કાર્યદક્ષતા આપે છે.
- તમારી આર્થિક સ્થિતિમાં સુધારો આવે છે.

**ખરેખર દિવ્ય લક્ષ્મી પોટલી છે શું?**

દિવ્ય લક્ષ્મી પોટલીનાં 21 રૂપોમાં સર્વોચ્ચ ધનનું પ્રતીક છે. વિશિષ્ટ મુહૂર્તમાં વિશેષ જ્યોતિષ પ્રાકલ્પોથી બને છે- જેને રાખવાથી મા લક્ષ્મી સ્થાયી/કાયમી/સ્થિર રૂપે નિવાસ કરે છે, તેમ જ ધન-દોલતમાં વૃદ્ધિ કરે છે. સાથે જ તે વ્યાપાર-ધંધામાં, નોકરીમાં સફળતાનો નવો માર્ગ ખોલે છે.

આપણે વધારે પડતો 'ક્રેડિટ કાર્ડ', 'મોબાઈલ વૉલેટ'નો ઉપયોગ કરવા લાગ્યા છીએ. આજકાલ

**ધનની દેવી લક્ષ્મીજીને પોતાના ઘર અને ધંધાના સ્થળે બાંધીને સ્થિર કરવા માટે આ કિસ્મતની પોટલીનો ઉપાય કરો**

લોકો પોતાની પાસે પોતાના ઘરમાં CASH બહુ જ ઓછી રાખે છે. એટલા માટે જરૂરી છે કે તમે તમારી પાસે 'દિવ્ય લક્ષ્મી' પોટલી જરૂર રાખો તેનાથી લક્ષ્મીજીનો વાસ હંમેશ રહે છે.

**દિવ્ય લક્ષ્મી પોટલી કેમ રાખવી જોઈએ?**

કેટલાયે લોકો ઘણા પરિશ્રમ બાદ પણ ધનની સમસ્યા સામે લડતા રહે છે તેમ જ ધનપ્રાપ્તિ થયા બાદ પણ ખરચાથી પરેશાન રહે છે. એટલે પ્રભાવશાળી જ્યોતિષ ઉપાય તરીકે દિવ્ય લક્ષ્મી પોટલી અવશ્ય રાખવી જોઈએ. તે બધી નકારાત્મક ઊર્જાને સમાપ્ત કરી તમારી આસપાસ સકારાત્મક ઊર્જા જાળવી રાખવામાં તમારી મદદ કરે છે. ઘર, ઓફિસ, ફેક્ટરીની તિજોરી કે ગલ્લામાં અવશ્ય રાખવી.

**શું આ પોટલી રાખવાથી કોઈ ખરાબ પ્રભાવ પડે છે?**

તેનો કોઈ ખરાબ પ્રભાવ નથી. દિવ્ય લક્ષ્મી પોટલી સંપૂર્ણ માંગલિક વસ્તુઓથી બનેલી આ અદ્ભુત જ્યોતિષ પ્રકલ્પ છે.

સેલરી હાથમાં ટકતી ના હોય તો પણ દિવ્ય લક્ષ્મીની પોટલીની સ્થાપના કરવી. આ ઉપાય કરવાથી તમારી આર્થિક પરેશાની દૂર થઈ જશે અને તમો સુખ-સમૃદ્ધિ હાંસલ કરી શકશો.

- તમે જોયું હશે કે ક્યારેક ક્યારેક તમારાં બનેલાં કામ પણ બગડી જાય છે. જો તમારા ઘરમાં દિવ્ય લક્ષ્મી પોટલી હોય તો તમારા પર બધા ગ્રહોની કૃપા હંમેશ રહે છે. દિવ્ય લક્ષ્મી પોટલી રાખવાથી તમે તમારા જીવનને એક પોઝિટિવ દિશામાં બદલી શકો છો અને લક્ષ્મીની કૃપાને આમંત્રિત કરી શકો છો.

# આશ્ચર્યજનક લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે ચૌત્રીસા યંત્રની વીંટી-કવચ

જડીબુટ્ટી

નજુમી

વૈશાખ મહિનો આખો લક્ષ્મી પ્રાપ્ત કરવાનો માસ છે. શ્રી હરિ વિષ્ણુને પ્રિય મહિનો વૈશાખ છે. વિષ્ણુ ભગવાનની તેમજ માતા લક્ષ્મીજીની પૂજા-હવન ઘરમાં કરાવીને વિષ્ણુ-લક્ષ્મીની કૃપા ઝડપથી - શીઘ્ર પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ આ પૂજા જાણકાર અને વિદ્વાન બ્રાહ્મણ પાસે કરાવવાથી ફળ ભગવાન આપે છે. અધૂરી જાણકારીવાળા કે પુરુષ સૂકત કે લક્ષ્મીનો શ્રી સૂકત ના આવડતો હોય તો ઉપર ઉપરથી કરેલી પૂજા નિષ્ફળ જાય છે.એટલું જ નહિ, દક્ષિણા પણ નિષ્ફળ જાય છે! આ ઉપરાંત લક્ષ્મીજીને પ્રિય વસ્તુઓ પાનમાં મૂકીને લક્ષ્મી મંત્રો અથવા શ્રી સૂકતના પાઠ કરીને હોમ-યજ્ઞ કરવાથી વિષ્ણુ-લક્ષ્મીની વિશેષ કૃપા થાય છે.

યંત્ર પહિર ચૌતીસા | ધન, સુખ, ભાગ અનીસા|

અર્થઃ જે પોતાની આંગળીમાં 'ચૌત્રીસા યંત્ર'ની વીંટી બનાવીને ધારણ કરી લે છે - તે આશ્ચર્યજનક રીતે લક્ષ્મી પ્રાપ્ત કરવા લાગે છે! જે પ્રકારનો પણ ભોગ તે ઈચ્છે છે- તે ભોગ સુખ, ઐશ્વર્ય તેને અનાયાસે જ પ્રાપ્ત થવા લાગે છે.


આ વીંટીની વિશેષતા એ છે કે, તેને ધારણ કરવાથી આર્થિક દૃષ્ટિએ સતત-નિરંતર ઉન્નતિ થતી રહે છે. ચારેય તરફનું વાતાવરણ કંઈક એવું બને છે કે તેના આર્થિક સ્રોત (પ્રવાહ) ચારે બાજુથી ખૂલી જાય છે!સારી વ્યક્તિઓ સાથે પરિચય અને સંપર્ક થાય છે અને તેના માધ્યમથી જ જીવનમાં ભોગ તેમ જ ઐશ્વર્યની પ્રાપ્તિ થવા લાગે છે.

ગુરુ ગોરખનાથ અનુસાર ચૌત્રીસા યંત્ર અને વીસા યંત્રનો એક જેવો જ પ્રભાવ છે અને બંને કળિયુગમાં પોતાની રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેને જમણા હાથની મધ્યમા (સૌથી મોટી/વચલી આંગળીમાં પહેરવી જોઈએ.

જો કયાંક રૂપિયા ફસાઈ ગયા હોય અથવા નીકળી ના રહ્યા હોય- તો તેને પહેરવાથી કાર્ય સંપન્ન થવા લાગે છે. આ વીંટીને એ વિશેષતા છે કે, જો વ્યક્તિ પર કર્જ, દેવું, ઋણ થઈ ગયું હોય તો તે શીઘ્ર ઊતરી જાય છે. વેપાર ચાલતો ના હોય તો તેને પહેરવાથી વેપાર વધવા લાગે છે. નવો વેપાર શરૂ થવા લાગે છે. અટકેલા રોકાયેલા વેપારમાં તેજી આવવા લાગે છે. વેપારમાં આવક વધારે થવા લાગે છે. એક પ્રકારે જોવા જઈએ તો ઘરમાં ધનનો વરસાદ થવા લાગે છે.

વાસ્તવમાં આ વીંટી કળિયુગમાં કલ્પવૃક્ષ સમાન છે. તમે લક્ષ્મીના દાસ નથી. તમે પણ લક્ષ્મીવાળા બનો. લક્ષ્મી પ્રાપ્ત કરવી તે તમારો પણ અધિકાર છે.

**વાસ્તવમાં આ વીંટી કળિયુગમાં કલ્પવૃક્ષ સમાન છે**




## ચૌત્રીસા વીંટી ખરેખર છે શું?

ચૌત્રીસા વીંટી એક અત્યંત શક્તિશાળી વીંટી છે જેનો ઉપયોગ સકારાત્મક તરંગો અને એક વિશિષ્ટ ઉદ્દેશની પૂર્તિ માટે કરવામાં આવે છે. આ વીંટીને ચાંદીમાં, તાંબામાં બનાવી શકાય છે. તાંબુ અષ્ટ ધાતુઓમાંથી એક ધાતુ છે. જે પોતાની શુદ્ધતાથી ઓળખાય છે. ચૌત્રીસા વીંટી ધારણ કરવી અત્યંત લાભકારક માનવામાં આવે છે. તેને ધારણ કરવાથી દરેક મનોકામના પૂરી થાય છે.આ વીંટી દેવી લક્ષ્મીને સમર્પિત છે. તેને ધારણ કરવાથી તમારા જીવનમાં સુખ-સમૃદ્ધિ, ધન, યશ, સફળતા માન-સન્માનની પ્રાપ્તિ થાય છે. આ વીંટી તમારી આસપાસ બનેલી નકારાત્મકતા દૂર કરે છે.

## ચૌત્રીસા વીંટી શા માટે પહેરવી જોઈએ?

જો તમોને રાત્રે સૂતાં સમયે ભયાનક સ્વપ્ન આવે તો તેના કારણે તમે સારી રીતે સૂઈ શકતાં નથી. તમોને અચાનક ગભરાટ થવા લાગે છે. ડર લાગવા લાગે છે અથવા તમોને એવું લાગે છે કે કોઈએ તમારા પર નજર દોષ, તંત્ર-મંત્ર, કાલા જાદુ કરી દીધું છે. તો એવામાં તમારે આ ચૌત્રીસા વીંટી અવશ્ય પહેરવી જોઈએ.

## ચૌત્રીસા વીંટી કેવી રીતે ધારણ કરવી જોઈએ?

અખા ત્રીજ કે કોઈ પણ શુક્રવારે સ્નાન વગેરેથી પરવારીને સાંજના સમયે 7 વાગ્યાથી 10 વાગ્યા વચ્ચે પોતાના ઘરમાં એકાંત સ્થાન કે પૂજા રૂમમાં પૂર્વ દિશા તરફ મુખ કરીને લાલ ઉનના આસન પર બેસી જવું. મા દુર્ગાની મૂર્તિ સામે એક થાળીમાં સિંદૂરથી ત્રિકોણ બનાવીને તેના ઉપર ચોખાની ઢગલી બનાવવી. તેના ઉપર ચૌત્રીસા યંત્રની વીંટી અથવા કવચ સ્થાપિત કરવું. શુદ્ધ તેલનો દીવો પ્રગટાવીને લાલ ફૂલ, ફળ, મીઠાઈથી પૂજન કરવું. ત્યાર બાદ નીચે લખેલ મંત્રનો 108 વખત જાપ કરીને વીંટી અથવા કવચ ધારણ કરવું.

મંત્રઃ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચે.ચૌત્રીસા યંત્રની વીંટી કવચ કેવી રીતે સિદ્ધ થાય છે?

શ્રી સૂકતના મંત્રોથી પુરશ્ચર કરીને તેને સિદ્ધ કરવામાં આવે છે. ચૌત્રીસા યંત્રની વીંટી કે કવચ એક બહુ જ શક્તિશાળી છે. તેમાં મા દુર્ગાની ત્રણેય મહાશક્તિઓ મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનો સમાવેશ રહે છે, જે બધા પ્રકારના તંત્ર-મંત્ર યંત્રથી રક્ષા કરે છે. આ કવચ-વીંટીને ધારણ કરેલ વ્યક્તિ પર કોઈ પ્રકારનો તંત્ર પ્રયોગ થઈ શકતો નથી. આ કવચ બધા તંત્રનડતરથી બચાવે છે. આ કવચને મહાલક્ષ્મી સ્વરૂપા પણ કહેવાય છે.

આ વીંટી કે કવચ જેની પાસે હોય છે તેની પાસે પૈસા આપોઆપ જ ખેંચાઈને આવે છે. તેની પાસે પૈસા આવવાના નવા-નવા રસ્તા બને છે. આવાં જાતક જુગાર, સટ્ટો અને શેર માર્કેટમાંથી પણ બહુ ધન કમાય છે. ચૌત્રીસા યંત્ર ધારણ કરવાથી અટકેલાં કામોમાં સફળતા મળે છે. મનોવાંછિત કામના સિદ્ધ થાય છે. જીવનમાં સુખ, સમૃદ્ધિ, ધન, યશ, સફળતા અને માન-સન્માનની પ્રાપ્તિ થાય છે.